# આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ

| અ.નં. | વિગતો | |
|---|---|---|
| ૧ | યોજનાનું નામ/પ્રકાર | જનની સુરક્ષા કાર્યક્રમ |
| ૨ | યોજના શરૂ થયાનું વર્ષ | ૨૦૦૫ |
| ૩ | યોજનાનું નાણાંકીય સ્ત્રોત | નેશનલ રૂરલ હેલ્થ મિશન હેઠળ આ યોજનાનો અમલ થાય છે. એન.આર.એચ.એમ. અંબ્રેલા પ્રોગ્રામ હોઇ તેની નાણાંકીય પેકેજ પ્રમાણે ભારત સરકારનો ૮૫ ટકા અને રાજય સરકારનો ૧૫ ટકા ફાળો હોય છે. |
| ૪ | યોજનામાં છેલ્લે કયારે સુધારો કરવામાં આવ્યો | તા.૦૫/૦૧/૨૦૦૯ |
| ૫ | યોજનાના લાભાર્થીની પાત્રતાનાં માપદંડ | આ યોજનામાં ગરીબી રેખા હેઠળની (બી.પી.એલ.કાર્ડ ધરાવતી) કુટુંબની પ્રસુતા બહેનો, અનુસૂચિત જાતિ તથા અનુસૂચિત જન જાતિ કુટુંબોની તમામ પ્રસુતા બહેનોને લાભ આપવામાં આવે છે, જે લાભાર્થી પાસે બી.પી.એલ. કાર્ડ ઉપલબ્ધન હોય તેમણે તેઓના વિસ્તારનાં તલાટી કમ મંત્રી, મામલતદાર, મુખ્યઅધિકારીપાસેથી આવકનું પ્રમાણપત્ર મેળવવાનું રહેશે. |
| ૬ | યોજના અંતર્ગત સહાય/લાભ | આ યોજના હેઠળ લાભાર્થીને રૂા.૫૦૦/- પોષણયુકત ખોરાક, પ્રસુતિ સમયે થતો દવાનો ખર્ચ કે અન્ય કોઇ ખર્ચને પહોંચી વળવા માટે સર્ગભાવસ્થાના છેલ્લા ત્રણ મહિનાના સમયગાળામાં બેરર ચેક ધ્વારા ચુકવવામાં આવે છે. તેમજ સંસ્થાકીય પ્રસૂતિ માટે વાહનવ્યવહાર પેટે ગ્રામ્ય વિસ્તારમાં રૂા.૨૦૦/- અને શહેરી વિસ્તારમાં રૂા.૧૦૦/- આપવામાં આવે છે. |
| ૭ | યોજનાનો લાભ મેળવવા | આ યોજનાં અંતર્ગત સહાય માટે સ્ત્રી આરોગ્ય |

| | | |
|---|---|---|
| | માટેની પધ્ધતિ | કાર્યકર પાસે ફોર્મ ભરાવાનું રહેશે અને સાથે બી.પી.એલ. કાર્ડનો હોવાનો પુરાવો અથવા આવકનો પુરાવો લગાવાનો રહેશે. |
| ૮ | યોજનાનો લાભ કયાંથી મળશે. | સ્ત્રી આરોગ્ય કાર્યકર ( આપના વિસ્તાર) નાં ધ્વારા આપને આ લાભ આપવામાં આવશે. |